દાખલ તા.૨૩/૧૨/૨૦૨૫
રજુ કર્યા તા.૨૩/૧૨/૨૦૨૫
ફેસલ તા.૩૦/૦૬/૨૦૨૬

**<u>મહે. પોરબંદરના જયુડી.મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. પોરબંદર</u>**

**ફો .કેસ નંબર:પ૨૨૧/૨૦૨૫**

**આંક–**

**ફરીયાદી :– શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :–** **(૧) કિશન સાજણભાઈ કોડીયાતર**
**ઉ.વ.૩૪, રહે. છાયા પ્લોટ શેરી નં.૨**
**ભાવેશ્વર મંદીર સામેની ગલીમાં, પોરબંદર**
**(૨) નરેશ ઉર્ફે નાગો કીસાભાઈ મકવાણા**
**ઉ.વ.૨૮, રહે. બોખીરા રીલાયન્સ પેટ્રોલપંપ પાછળ,**
**નારાયણનગર અયોધ્યાનગરી સોસાયટી, પોરબંદર**
**(૩) લખમણભાઈ ઉર્ફે માલીક જીવાભાઈ મારૂ**
**ઉ.વ.૩૭, રહે. બોખીરા કન્યાશાળા પાછળ રબારી કેડા,**
**પોરબંદર**
**(૪) પરબત ઉર્ફે પબો રાજુભાઈ કોડીયાતર**
**ઉ.વ.૨૩, રહે. બોખીરા ડીવાઈન સ્કુલ પાસે,**
**પોરબંદર**

ગુનો :– ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)(બી), ૬પઈ, ૧૧૬(બી),૮૧, ૯૮(૨) મુજબ

---

**ફરીયાદ પક્ષે:– વિ.એ.પી.પી.શ્રી. એમ.બી.જાડેજા**

**બચાવ પક્ષે :–આરોપી નં.૧ તરફે વિ.વ.શ્રી. એમ.જી. શીંગરખીયા**

**આરોપી નં.૨,૩,૪ તરફે વિ.વ.શ્રી. એ.એસ. સેલોત**

---

**–: જજમેન્ટ :–**

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧નાએ પોતાના કબ્જા હવાલાવાળી સફેદ કલરની સુઝુકી કંપનીની સીયાઝ કાર રજી નં.જી.જે.૨૫.જે.૮૮૫૦, કિ.રૂ. ૪,૦૦,૦૦૦/– માં ગે.કા વગર પાસ પરમીંટ ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કાંચની કંપની સીલ પેક બોટલ–૨૪૦ કિ.રૂ.૧,૭૦,૩૬૪/– મળી કુલ કિ.રૂ.૫,૭૦,૩૬૪/– ના મુદામાલ સાથે જાહેરમાંથી પકડાઈ જઈ સદરહુ દારૂનો જથ્થો આ કામના આરોપી નં.૨નાએ આરોપી નં.૩ પાસેથી વેંચાણ અર્થે મંગાવતા આરોપી નં.૩નાએ આરોપી નં.૪ મારફતે દારૂ મંગાવી આરોપી નં.૨ને વેંચાતો આપી જઈ અને આરોપી નં.૨ નાએ આરોપી નં.૧ને વેંચાણ અર્થે આપી જઈ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરતા આરોપીઓ વિરૂદ્ધ કમલાબાગ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવામાં આવતાં તે ફરીયાદના આધારે તપાસ કર્યા બાદ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**૨.** ત્યારબાદ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ હાલના આરોપીઓ કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૫ થી તહોમતનામું ધડી અનુક્રમે આંક–૬,આંક–૭, આંક–૮ અને આંક–૯ થી આરોપીઓની પ્લી લેતાં આરોપીઓને તેના પર આરોપવામાં આવેલ ગુન્હા અંગે સમજ આપવામાં આવેલ. ત્યારબાદ આવો ગુન્હો કબુલ છે કે કેમ? તે બાબતે નિવેદન લેતાં આરોપીઓએ ગુન્હો કરેલ હોવાનો ઈન્કાર કરતા કેસ ફરીયાદપક્ષના પુરાવાના તબક્કે આવેલ.

**૩.** સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે નીચે મુજબનો મૌખીક તેમજ લેખીત દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**-: મૌખિક પુરાવો :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી અજય લખમણભાઈ ચૌહાણની જુબાની | ૧૧ |
| ૨ | પંચ સાહેદ ગીગા ભીખાભાઈ ઓડેદરાની જુબાની | ૧૯ |
| ૩ | પંચ સાહેદ દીલીપ આલાભાઈ ગઢવીની જુબાની | ૨૮ |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૨ |
| ૨ | પંચનામું | ૧૩ |
| ૩ | ડેપ્યુટ હુકમ | ૧૪ |
| ૪ | બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૯ ના ઠરાવો | ૧૫ |
| ૫ | એફ.એસ.એલ. રવાનગી પત્રક | ૧૬ |
| ૬ | એફ.એસ.એલ પૃથ્થકરણ અહેવાલ | ૧૭ |
| ૭ | પંચનામું | ૨૦ |

**૪.** સદર કામે ઉપર મુજબનો પુરાવો નોંધાયા બાદ ફરીયાદપક્ષ દ્વારા બીજો કોઈ પુરાવો આપવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષની મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કર્યો હતો. ત્યારબાદ આરોપીઓનુ બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ પોતે કોઈ ગુન્હો કરેલ ન હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આ કામે બંને પક્ષકારોની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. આ કામે ફરીયાદપક્ષના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ દલીલો પરથી નીચે મુજબના મુદ્દાઓ આ અદાલતના ન્યાયીક નીર્ણય માટે ઉપસ્થીત થયા છે.

**૫. મુદ્દા નં.૧**

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી નં.૧નાએ પોતાના કબ્જા હવાલાવાળી સફેદ કલરની સુઝુકી કંપનીની સીયાઝ કાર રજી નં.જી.જે.૨૫.જે.૮૮૫૦, કિ.રૂ. ૪,૦૦,૦૦૦/- માં ગે.કા વગર પાસ પરમીંટ ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કાંચની કંપની સીલ પેક બોટલ-૨૪૦ કિ.રૂ.૧,૭૦,૩૬૪/- મળી કુલ કિ.રૂ.૫,૭૦,૩૬૪/- ના મુદામાલ સાથે જાહેરમાંથી પકડાઈ જઈ સદરહુ દારૂનો જથ્થો આ કામના આરોપી નં.૨નાએ આરોપી નં.૩ પાસેથી વેંચાણ અર્થે મંગાવતા આરોપી નં.૩નાએ આરોપી નં.૪ મારફતે દારૂ મંગાવી આરોપી નં.૨ને વેંચાતો આપી જઈ અને આરોપી નં.૨ નાએ આરોપી નં.૧ને વેંચાણ અર્થે આપી જઈ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરી આરોપીઓએ પ્રોહીબીશન એક્ટની કલમ- ૬૬(૧)(બી), ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨)મુજબ નો ગુનો કરેલ છે?

**૨. શું હુકમ**

**૬. મુદ્દાઓ પરના નિર્ણયો**

**મુદ્દા નંબર :૧- નકારમાં**

**મુદ્દા નંબર :૨- આખરી હુકમ મુજબ**

**૭. નિર્ણયો માટેના કારણો**

**મુદ્દા નં.૧ અને ૨**

**(૭.૧)** આ કામે આંક- ૧૯ તથા આંક-૨૮ થી તપાસવામાં આવેલ પંચ સાહેદો દ્વારા આંક-૨૦ ના પંચનામામાં સહી કર્યા સીવાય બીજું કાઈ જાણતા ન હોવાનુ જણાવે છે. ઉપરોક્ત પંચસાહેદોએ પોલીસે એક કાગળમાં તેઓની સહી કરાવેલી હોવાનુ જણાવી પંચનામાની વિગતો જાણતા ન હોવાનું જણાવે છે, આમ, પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આમ, આ

કામે પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી ત્યારે ફરીયાદપક્ષના કેસ સંદર્ભે શંકા ઉદભવે છે. આંક–૨૦ નું પંચનામું પંચોની રૂબરૂ અને હાજરીમાં કરવામાં આવેલ નથી. તેમજ સદર પંચો રૂબરૂ આ કામેનો મુદ્દામાલ કબજે લેવામાં આવેલ છે તેવી હકીકત સદર પંચસાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ પોલીસે પંચો રૂબરૂ કાર્યવાહી અનુસરેલા હોવાનું પુરવાર થતું નથી કે ફરીયાદપક્ષના કેસની સઘળી હકીકતોને સમર્થન પ્રાપ્ત થતું નથી.

**(૭.૨)** ત્યારબાદ સદર કામે આંક–૧૧ થી ફરીયાદી સાહેદઅજય લખમણભાઈ ચૌહાણનાઓને તપાસવામાં આવેલ છે. તેઓઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા. ૨૦/૦૯/૨૦૨૫ ના રોજ તેઓ તથા એલ.સી.બી.સ્ટાફના માણસો પોરબંદર શહેર વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી રાહે હકીકત મળેલ કે,એક સફેદ કલરના સીયાઝ કારમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલોનો જથ્થો ભરેલ છે અને તે કાર પોરબંદર શહેર વિસ્તારમાં આવેલ છે. જેથી તેઓ ઉપરોકત સ્ટાફ હકિકત વાળી કારની તપાસમાં પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન ફરતા ફરતા. કમલાબાગ પો.સ્ટે. વિસ્તારના નવા કુવારા પાસે પહોંચતા હકિકત વાળી સફેદ કલરની સીયાઝ કાર નવા કુવારાથી ચોપાટી રોડ ઉપર જતી જોવામાં આવેલ જેથી તે કારનો પીછો કરી કારને સરકારી કર્મચારીના કવાર્ટરથી આગળ રોડ ઉપર કારને આંતરી રોકાવી દીધેલ હોય અને કારમાં જોતા ડ્રાઇવીંગ સીટ ઉપર કાર ચાલક બેઠેલો હોય અને પાછળની સીટમાં કાળા કરલના પ્લાસ્ટીકના ઝબલાઓ તથા પુઠ્ઠાના બોક્ષ પડેલ હોય. જેથી તુરતજ આપ એ બે માણસોને પંચો તરીકે બોલાવી ઉપરોકત હકીકતની સમજ કરી પંચો રૂબરૂ કારની ડ્રાઇવીંગ સીટમાં બેઠેલ ઇસમનું નામઠામ પુછતા કિશન સાજણભાઈ કોડીયાતર ઉ.વ.૩૪ રહે. છાંયા પ્લોટ શેરી નં.૨ ભાવેશ્વર મંદિર સામેની ગલી પોરબંદર વાળો હોવાનું જણાવેલ જેથી મજકુરને ઉપરોક્ત હકિકતની સમજ કરી કારમાં ચેક કરતા કારમાં પાછળની સીટમાં તથા પાછળ ડેકીમાંથી પ્લાસ્ટીકના ઝબલા તથા પુઠાના બોક્ષોમાં મળી આવેલ હોય જેમાં

ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો હોય જેથી આ બોટલોનો જથ્થો પોતાની પાસે રાખવા બાબતે પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવેલ જેથી મજકુર પાસે થી મળી. આવેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો જોતા પુાના બોક્ષ નંગ–૭ તથા કાળા કરલના પ્લાસ્ટીકના ઝબલા નં.રક હોય જે પૈકી એક પુકાના બોક્ષમાં જોતા ૧૨ બોટલો હોય જે પુઠાના બોક્ષ નંગ–૫ માં જોતા રોયલ ચેલેન્ઝ ફાઇન રીઝર્વ વ્હીસ્કી કંપનીની ફોર સેલ ઇન પંજાબ ઓન્લીના માર્ગની ૭૫૦ ML ભરેલ કાચની કંપની શીલપેક બોટલો નંગ–૬૦ તથા પ્લાસ્ટીકના એક ઝબલા ૬ બોટલો હોય જે ઝબલા નંગ–૧૨ માં સુંદર બ્રાન્ડની બોટલો નંગ– ૭૨ મળી કુલ– ૧૩૨ બોટલો હોય. તેમજ બાકીના પુઠાના બોક્ષ નંગ–૨ માં જોતા ઓલ સીઝન્સ ગોલ્ડ કલેકશન રીઝર્વ વ્હીસ્કી કંપનીની ફોર સેલ ઇન પંજાબ ઓન્લીના માર્કાની ૭૫૦ ML ભરેલ કાચની કંપની શીલપેક બોટલો નંગ–૨૪ તથા પ્લાસ્ટીકના ઝબલા નંગ–૧૪ માં સુંદર બ્રાન્ડની બોટલો નંગ– ૮૪ મળી કુલ–૧૦૮ બોટલો હોય જેથી રોયલ ચેલેન્ઝ ફાઇન રીઝર્વ વ્હીસ્કી બ્રાન્ડમાંથી એક બોટલની કી.રૂ. ૬૮૬/– લેખે તથા ઓલ સીઝન્સ ગોલ્ડ કલેકશન રીઝર્વે વ્હીસ્કી બ્રાન્ડમાંથી એક બોટલની કી.રૂ. ૭૩૯/– લેખે ગણી સદરહું બન્ને બ્રાન્ડમાંથી એક–એક બોટલ કેમી સેમ્પલ માટે કબ્જે કરી બાકીની રોયલ ચેલેન્ઝ ફાઇન રીઝર્વ વ્હીસ્કી કંપનીની ફોર સેલ ઇન પંજાબ ઓન્લીના માર્કાની ૭૫૦ ML ભરેલ કાચની કંપની શીલપેક બોટલો નંગ– ૧૩૧ ની કી.રૂ. ૮૯,૮૬૬/– તથા ઓલ સીઝન્સ ગોલ્ડ કલેકશન રીઝર્વ વ્હીસ્કી કંપનીની ફોર સેલ ઇન પંજાબ ઓન્લીના માર્કાની ૭૫૦ ML ભરેલ કાચની કંપની શીલપેક બોટલો નંગ–૧૦૭ ની કી.રૂ. ૭૯,૦૭૩/–ગણી બોટલો જેમની તેમ બન્ને પુઠાના બોક્ષો તથા ઝબલાઓમાં રાખી તપાસ અર્થે કબ્જે કરેલ. તેમજ સદર ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલોની હેરાફેરી માટે ઉપયોગમાં લીધેલ કાર જોતા સફેદ કલરની સુઝુકી કંપનીની સીયાઝ કાર હોય. જેના રજી. નં. GJ–25–J–8850 હોય. જેથી સદરહું કારની કી.રૂ. ૪,૦૦,૦૦૦/– ગણી તપાસ અર્થે કબ્જે કરેલ. તેમજ સદરહુ ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો બાબતે પુછતા સદર દારૂનો જથ્થો પોતે પોરબંદર બોખીરામાં રહેતા નગા કિશાભાઈ મકવાણા પાસેથી લઇ

આવેલ હોવાન જણાવેલ.આ અંગેનું પંચનામું ક.૦૦/૩૦ થી ક.૦૧/૪૦ સુધીનું કરેલ બાદ મજકુર ઇસમને પંચનામું પુરૂ થયાના સમયે ધોરણસર અટક કરેલ અને પ્રોહી એકટ તળે ફરિયાદ આપેલ.સદર અસલ ફરિયાદ તેઓને બતાવવામાં આવે છે જે તેઓ ઓળખી બતાવે છે સદર પંચનામાની ખરી નકલ તેઓને બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે, તેમાં રૂબરૂ તરીકે પો.હેડ.કોન્સ. એસ.વી.પઠાણની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આ કામેના ડે.હુકમમાં પી.એસ.ઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આ કામે બી.એન.એસ.એસ.કલમ ૧૮૬ નો ઠરાવો રજુ કરેલ છે. આ અન્વયે એફ.એસ.એલ કેમીકલ તપાસણી અર્થે મોકલેલ રવાનગી પત્રક ની અસલ રજુ કરેલ છે. આ અન્વયેનાં એફએસલના અહેવાલ અસલ રજુ કરેલ છે.

જ્યારે આરોપી પક્ષ તરફે સાહેદે જણાવેલ છે કે, ફરીયાદમાં પેટ્રોલીંગમાં નીકળ્યાનો સમય જણાવેલ નથી કે જે વાહનમાં પેટ્રોલીંગમાં નીકળ્યા તેનો રજી.નંબર ફરીયાદમાં જણાવેલ નથી. રેકર્ડ જોતા આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લેવામાં આવેલ નથી. બનાવવાળો વિસ્તાર એ જાહેર વિસ્તાર છે અને ત્યાં સતત માણસોની અવરજવર રહે છે.

૮. નામ. ગુજરાત વડી અદાલત દ્વારા આપવમામાં આવેલ ચુકાદાથી પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લેવામાં આવેલ છે.

**2016 (4) GLR 3159 THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR**

SURJITSINGH JAT( SHIKH0 & other " In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be trained and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper.

વધુમાં, સદર કામે રેકર્ડ ધ્યાને લેતા આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદો કે જેઓ રૂબરૂ આરોપીઓના કબજા ભોગવટામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો વિદેશી દારૂ મળી આવેલ હોવાની હકીકત સબબ ફરીયાદપક્ષનો કેસ છે. તેઓ પોતાની રૂબરૂ સદર પંચનામું થયેલ હોવાની હકીકત સબબ ફરીયાદ  પક્ષનો કેસ છે. તેઓ પોતાની રૂબરૂ સદર પંચનામું થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. તે જ રીતે સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતાં તેમાં ફરીયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે. આ કામે ત.ક.અમલદારે તેવું પંચનામું કર્યું હોવાની હકીકત રજુ થયેલા પોલીસ પેપર્સ ઉપરથી જણાતુ નથી. તેમજ જે સ્થળેથી મુદ્દામાલ કબજે કરેલ છે તે સ્થળ આરોપીઓના કબજા ભોગવટાનું હોવા બાબતે કોઈ આધાર પુરાવો તપાસ કરનાર અમલદાર દ્વારા મેળવી આ ગુનાના કામે રજુ કરેલ નથી. તેમજ ફરીયાદ મુજબના રેઈડ વાળા સ્થળે સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આવા કોઈ સાહેદોના નીવેદન લીધા હોવાનું રજુ થયેલા પોલીસ પેપર્સ જોતા જણાતુ નથી. જો આ સંદર્ભે નામ. ગુજરાત હાઈકોર્ટનો **દીલીપ સાન્શી – વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો** ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે,

"  In absence of specified evidence form technical sym FSL and in absence of specific evidence regarding quality and quantity of muddamal; and in the absence of proper evidence by the witness conforming the seizure from the given place, and in the absence of recovering the muddamal from the person of the accused, and in the absence of providing the link and connection of prohibited articles directly with the applicant, is is difficult to confirm the conviction of the person."

વધુમા ફરીયાદપક્ષે જે પંચ સાહેદો તપાસેલ છે. તે પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન આપતાં ન હોઈ ફરીયાદપક્ષના કેસને સમર્થન

મળતુ નથી.તે સંજોગોમાં જે મુદ્દમાલ મળેલ છે. આરોપીઓના જાત કબ્જા માં થી મળેલ હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. સ્ટેટ વિ. રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી એ.આઈ.આ.૧૯૬૦ ગુજ.૨૪ ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરવામાં આવેલ છે કે,"Wher the presence of the panchas is obligatroy at the time of search the evidence of the police officer conducting the search must ordinarily be corroborated and that if there is no surch corroboration ,ordinarily , a conclusion shold not rest solely on the uncorroborated testimony of the police officer who conducted the search " the corroboration that would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of panchas is usually the evidence of the panchs at any rate the corroboration must be from a source independent of the police officer who made the search "

આરોપીઓ વિરુધ્ધ ગેરકાયદેસર વિદેશી દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોના પુરાવો જોતાં ફરીયાદ પક્ષ આરોપીઓના કબજા ભોગવટામાંથી વિદેશી દારૂ મળી આવેલ હોવાથી હકીકત પુરવાર કરી શકેલ નથી. તે તમામ સંજોગો, રેકર્ડ, ફરીયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ખરેખર ફરીયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય છે. આમ રેકર્ડ ઉપરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરનાં પુરાવાના સંજોગોમાં અન્ય સાહેદોને તપાસવાથી કોઈ અર્થ સરે તેમ ન હોય ત્યારે સમયનો વ્યય થાય તેમ હોય, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈ મધ્યે નજર રાખતાં આરોપીઓ સામેનો કેસ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરી શકતા ન હોય તેમજ નામ. સર્વોચ્ચ અદાલતને તેના ચુકાદામાં સતીષ મહેરમાં પ્રસ્થાપિત કરેલ છે.

" When judge is certain that there is no prospect of case ending in conviction time of court should not br  wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."

**૯.** સમગ્રપણે, આ કામના તમામ પોલીસ પેપર્સ તેમજ પુરાવો લક્ષમાં લેતાં આ કામે એકમાત્ર સ્વતંત્ર પંચ સાહેદોએ ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન આપેલ નથી. અન્ય સાહેદોએ પોલીસ વિટનેસ છે. આમ, એકમાત્ર પોલીસ વિટનેસની જુબાનીના આધારે આરોપીઓને ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય નહિ, જેથી આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત ગુન્હો આચરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ,નિ:શંક,સ્વતંત્ર અને અસંદિગ્ધ અને વિશ્વશનીય પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવા ન્યાયોચિત જણાય છે.

**૧૦**. આમ, સદર કેસમાં ફરીયાદ પક્ષ નિ:શંકપણે આરોપી વિરુધ્ધનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, . મુદાનં. ૧ ''નકારમાં' નિર્ણીત કરી , મુદા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો 'આખરી હુકમ' કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

આ કામના આરોપી :-**(૧) કિશન સાજણભાઈ કોડીયાતર (૨) નરેશ ઉર્ફે નાગો કીસાભાઈ મકવાણા (૩) લખમણભાઈ ઉર્ફે માલીક જીવાભાઈ મારૂ (૪) પરબત ઉર્ફે પબો રાજુભાઈ કોડીયાતર નાઓને કમલાબાગ પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ સી- ૧૧૨૧૮૦૦૯૨૫૦૫૧૭/૨૦૨૫**

ના કામે બી. એન. એસ. એસની કલમ–૨૭૧(૧) મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)(બી), ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ ,૯૮(૨) મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. અપીલ સમય વિત્યા બાદ, આ કામે કબજે લેવામાં આવેલ પ્રોહી મુદામાલનો નિયમાનુસાર નાશ કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ ફોન તથા વાહનો અંગે આ કામે કોઇ વચ્ચગાળાઓ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ ફોન તથા વાહનો માલીકીની યોગ્ય ખરાઇ કરી તેના માલીકને સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

બી.એન.એસ.એસની કલમ–૪૮૦ મુજબ આરોપીએ અપીલ સમય સુધીના રૂા.૫૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા.૩૦ મી, માહે: જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો

તારીખ : ***૩૦/૦૬/૨૦૨૬***

સ્થળ :**પોરબંદર**

**(કુ.સબા સૈયદ)**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**પોરબંદર**
**કોડ નં.જી.જે.૦૧૫૭૮**